## WORLD THEATRE DAY - 2012 CELEBRATIONS

World Theatre Day message 2012, translated in a regional language 'Gujarati' of Gujarat, India. Translated by Dr. Hasmukh Baradi. Carried in special issue of 'Natak-Budreti', published regularly since 1998.

# વિશ્વ રંગભૂમિ દિન સંદેશો - ૨૦૧૨

- જહોન માર્કોવિચ,
(અમેરિકી નાટ્યકાર)

વિશ્વ રંગભૂમિ દિન ઉજવણી આરંભાયાની આ ૫૦મી વર્ષગાંઠ છે. એનું અભિવાદન કરતાં જગતભરના રંગકર્મીઓ, સાથીદારો અને સમકાલીનોને સંબોધતાં વિશ્વ થિએટર સંસ્થા અને યુનેસ્કોએ સંદેશો આપવા નિમંત્રણ મળ્યા બદલ નાટ્યકાર જહોન માર્કોવિચ આભાર વ્યક્ત કરે છે :

જહોન માર્કોવિચ અમેરિકાના નટ-નિર્માતા, પટકથાલેખક અને દિગ્દર્શક તરીકે બહુમુખી સર્જક છે, પરંતુ મુળ તો છે નાટકનો જીવ.

૧૯૭૬માં ઈલીનોઈસ સરકારી યુનિવર્સિટીમાં કામ કરીને એ જ વર્ષે 'સ્ટેપન વુલ્ફ થિએટર કંપની'ની સ્થાપના કરી. એમાં એમને ટેલિ કિન્ની, જેફ પેરી, ગેરી સિનિસનો સથવારો સાંપડ્યો અને થિએટરે સાર્થક કામ કરવા માંડ્યું.

એને સમાંતર જ જહોન માર્કાવિચે ફિલ્મમાં પણ કામ શરૂ કર્યું. અનેક પાત્રોના નિરૂપણની સાથોસાથ એમણે બંને માધ્યમમાં સફળતા હાંસલ કરી.

૨૦૧૧માં ફ્રાન્સના પારી(સ) નગરમાં થિએટર 'દ લાટેલિયે'માં થર્ડ થિએટરનું નિર્માણ કર્યું, એ કોમેડી ફ્રેન્ચ નાટકો માટે એમને જાણીતા નાટ્યકાર મોલિયરના નામ સાથે સંકળાયેલ પારિતોષિક આપવામાં આવ્યું છે.

''મારી શુભેચ્છાઓ છે, કે તમારૂં સર્જનકાર્ય મૌલિક હોય અને એ તમારા અને આપણા સૌ માટે અનિવાર્ય બની રહે તેવું હોય ! એ સર્જનમાં ઊંડાણ હોય, સૌને એ સ્પર્શતું હોય ! વિચારશીલ હોય અને અપૂર્વ હોય !

માણસ બનવું એટલે શું ? એ મહત્ત્વની બાબત વિશે આપણે વિચારતાં થઈએ, એમાં તમારા સર્જનથી અમને દિશા મળે. હૃદયપૂર્વકની નિષ્ઠાથી, નમ્રતાથી અને ખેલદિલી સાથે તમારા સર્જનને આશિર્વાદ મળે. કોઈપણ પ્રકારની અવકૃપા, સેંસરશીપ ગરીબાઈ અને વિચારોની નકારાત્મકતાને તમારાં સર્જનો અતિક્રમી શકે, કારણ કે મોટા ભાગના સર્જકોએ એ મથામણ કરવી જ પડે છે. તમારાં એ સર્જનો એટલાં પ્રબળ રીતે મેધાવી હોય, કે માનવીના ધબકતા હૈયાને એ નમ્રતા અને સ્નેહનો માર્ગ ચીંધી શકે અને એ જ આપનું જીવનકાર્ય બની રહો ! સર્વોત્તમ સર્જનકાર્ય ભલે ઝબૂક ઝબૂક થતી ક્ષણોનું પરિણામ હોય તો પણ એમાં સૌથી મહત્ત્વની એ વાત જ સંપૂર્ણપણે દશ્યમાન થતી હોય કે 'માનવજીવન કેવુ છે, અને કેવું હોવું જોઈએ ?''